**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૧. રેલવેસ્ટેશન**

| ધોરણ : ૬ | કુલ ગુણ : ૨૦ |
|---|---|

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૨

(૧) ચિત્રમાં કોણ કોણ નજરે પડે છે ?

(૨) કયા કયા સ્ટૉલ નજરે પડે છે ?

(૩) ઘડિયાળમાં કેટલા વાગ્યા છે ?

(૪) કયા કયા ફેરિયાઓ નજરે પડે છે ?

(૫) રેલવેસ્ટેશન કે બસ–સ્ટેશન પર કઈ કઈ સૂચનાઓ લખેલી હોય છે ?

(૬) જાહેર સ્થળોની સ્વચ્છચ્છતા જાળવવા તમે શું કરશો ?

❖ રેલ્વેસ્ટેશન કે બસ–સ્ટેશનનું અવલોકન કરો. (૨૦૦ શબ્દોમાં) ૮

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૨. હિંદમાતાને સંબોધન**

ધોરણ : ૬

કુલ ગુણ : ૨૫

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૨૦

(૧) હિંદમાતાને સંબોધન કાવ્યના કવિ કોણ છે ? તેમનું ઉપનામ જણાવો.

(૨) આ કાવ્ય કોને સંબોધીને લખાયું છે ?

(૩) કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે ?

(૪) કવિ વંદન સ્વીકારવાનું કોને કહે છે ?

(૫) હિંદમાતા સંતાનોનું પોષણ કેવી રીતે કરે છે ?

(૬) આ કાવ્યમાં કયો ભાવ રજૂ થયો છે ?

(૭) ભારતમાં કયા–કયા ધર્મ પાળતી પ્રજા વસે છે ?

(૮) ભારતમાં વસતી પ્રજાને કવિ સમાન શા માટે ગણે છે ?

(૯) હિંદુ, મુસ્લિમ અને શીખ, ધર્મના ધર્મગુરુઓના નામ જણાવો.

(૧૦) ખ્રિસ્તી, પારસી, જૈન અને બૌદ્ધ ધર્મના ધર્મગ્રંથોના નામ જણાવો.

❖ નીચેના શબ્દોના અર્થ આપો. ૨

(૧) દેવભૂમિ (૨) વિશ્વાસી (૩) જિન (૪) તવંગર

❖ નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો. ૩

(૧) જ્ઞાની (૨) નીરોગી (૩) સમાન (૪) તવંગર

(૫) સાક્ષર (૬) ઉચ્ચ

# મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા

## વિષય :ગુજરાતી

## એકમ કસોટી : ૩. દ્વિદલ

ધોરણ : ૬

કુલ ગુણ : ૨૫

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૦

(૧) દ્વિદલ પાઠના લેખકનું નામ શું છે ?

(૨) લેખકના કોઈ પણ એક પુસ્તકનું નામ આપો ?

(૩) વીસ ફૂટ ઊંચા સ્તંભ ઉપર શાની સ્થાપના કરવાની હતી ?

(૪) દુકાનદાર પાસે યુવકે કયા ફોન માટે મંજૂરી માગી ?

(૫) દુકાનદારને યુવકનો કયો ગુણ સ્પર્શી ગયો ?

(૬) શિલ્પી શું કરી રહ્યો હતો ?

(૭) બાજુમાં પડેલી મૂર્તિને શું નુકસાન થયું હતું ?

(૮) યુવકે દુકાનદારને શાની ના પાડી ?

(૯) સ્ત્રીનો જવાબ સાંભળી યુવક ખુશ કેમ થયો ?

(૧૦) શિલ્પીએ પહેલી મૂર્તિ પડતી કેમ મૂકી ?

❖ નીચેના શબ્દોના અર્થ આપો :

(૧) નીચેના શબ્દોના અર્થ આપો : ૨

(૧) શિલ્પી (૨) નિઃશબ્દ (૩) લૉન (૪) બિરદાવવું

(૨) રૂઢિપ્રયોગોના અર્થ આપો. ૩

(૧) પડતું મૂકવું (૨) નિઃશબ્દ બની જવું (૩) વિદાય લેવી

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૪. રવિશંકર મહારાજ**

| ધોરણ : ૬ | કુલ ગુણ : ૨૫ |
|---|---|

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૨૦

(૧) રવિશંકર મહારજ પાઠના લેખકનું નામ શું છે ?

(૨) રવિશંકર વ્યાસને મહારાજનું બિરુદ કોણે આપ્યું ?

(૩) ધીમે ધીમે રાજકીય પ્રવૃત્તિને સ્થાને મહારાજના જીવનમાં શાનો પ્રવેશ થયો ?

(૪) રવિશંકર મહારાજને માણસાઈના દીવા કોણે કહ્યા છે ?

(૫) બાળપણમાં રવિશંકર મહારાજનો સ્વભાવ કેવો હતો ?

(૬) મહારાજ કામ કરવાની કઈ ખૂબી ધરાવતા હતા ?

(૭) મહારાજ મૂકસેવક તરીકે શા માટે જાણીતા છે ?

(૮) રવિશંકર વ્યાસને મહારજનું બિરુદ કેમ મળ્યું ?

(૯) રવિશંકર મહારાજનો જીવનમંત્ર શો હતો ?

(૧૦) મહારાજ શબ્દના જુદા–જુદા અર્થ લખો.

❖ નીચે જણાવ્યા પ્રમાણે જવાબ આપો. ૫

(૧) નીચેના શબ્દોના અર્થ આપો. ૨

(૧) મૂકસેવક (૨) સ્વયંમસેવક (૩) બોરિંગ (૪) શાર–કામ

(૨) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. ૧

(૧) પાછી પાની કરવી (૨) આત્મા રેડી દેવો

(૩) શબ્દકોશના ક્રમ પ્રમાણે ગોઠવો : ૨

કંકાવટી, કોયલ, કૈયલ, કમળ

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૫. મહેનતની મોસમ**

ધોરણ : ૬

કુલ ગુણ : ૨૦

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૬

(૧) મહેનતની મોસમ કાવ્યના કવિ કોણ છે ?

(૨) કવિએ કઈ મોસમને મહેનતની મોસમ કહી છે ?

(૩) વરસાદ વરસ્યા પછી સીમ કેવી બને છે ?

(૪) કિલ્લોલ કોણ કરે છે ?

(૫) લોકોના હૈયામાં શા માટે આનંદ છવાઈ ગયો છે ?

(૬) સીમમાં શું શું લઈ જવા કહ્યું છે ?

(૭) સીમ સાદ કરે એટલે શું કરે ? શા માટે સાદ કરે ?

(૮) મલકને આબાદ કરવા કવિ શું સૂચવે છે ?

❖ નીચેના શબ્દોના અર્થ લખો : ૪

(૧) સોનાવરણી (૨) લોથો (૩) હુલ્લાસ (૪) કુંજડિયું

(૫) કિલ્લોલ (૬) પછેડી (૭) હિલોળ (૮) મલક

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૬. લેખણ ઝાલી નો રહી**

| ધોરણ : ૬ | કુલ ગુણ : ૨૫ |
|---|---|

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૬

(૧) લેખણ ઝાલી નો રહીએ પાઠના લેખક કોણ છે ?

(૨) કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ – આ પંકિતને શું કહેશો ?

(૩) કહળસંગ ગાડું જોડીને ધંધૂકે શું કરવા ગયા હતા ?

(૪) પાઘડીપને કયા બે પ્રદેશ પથરાયેલા છે ?

(૫) હરખચંદે મણેક કપાસિયા શા માટે ખરીદ્યા હતા ?

(૬) કહળસંગને કોણે ઠપકો આપ્યો ?

(૭) હરખચંદના લમણામાં કઈ વાત રહી ગઈ ?

(૮) હરખચંદ શેઠ ગામ લોકોને શું–શું લખી આપતા ? કેમ ?

❖ નીચેના શબ્દોના અર્થ લખો : ૨

(૧) સીમાડો (૨) બાચકું (૩) સંધિયા (૪) પાણિયાવાળા

(૫) કાળોત્રી (૬) ખોરડું

❖ નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખો : ૩

(૧) બે પાંદડે થવું (૨) અકકલનું તાળું ઉઘડવું (૩) વહાણાં વાઈ જવાં

❖ નીચેની કહેવતોના અર્થ લખો : ૨

(૧) આપણે વેંત નમીએ તો કોઈ હાથ નમે (૨) વાઢ કાન ને આવ્યા સાન

❖ નીચે જણાવ્યા પ્રમાણે જવાબ આપો : ૨

(૧) (૧) ; (૨) : (૩) ‘‘ ’’ વિરામચિહ્નો નામ જણાવો.

(૨) યોગ્ય વિરામચિહ્નો ઉપયોગ કરો.

– વિષયો તો બધા સરા છે ઈચ્છો તે વિષયનો સ્વાધ્યાય કરો

– એમનાથી બબડી જવાયું માહળા રજપૂતે કરી છે ને કાંઈ

## મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા

## વિષય :ગુજરાતી

## એકમ કસોટી : ૭ પગલે પગલે

ધોરણ : ૬

કુલ ગુણ : ૨૦

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૪

(૧) પગલે પગલે કાવ્યના કવિ કોણ છે ?

(૨) કવિએ પંથ કેવી રીતે કાપવાની વાત કરી છે ?

(૩) ખાંડાની ધારે કેવી રીતે ચાલવાનું છે ?

(૪) કવિ કોને અજવાળવાનું કહે છે ?

(૫) કવિ સ્વાર્થ સામે જોવાની ના કેમ કહે છે ?

(૬) કવિ સૌને શું આપવા કહે છે ?

(૭) કવિ હિંમત ખોવાની શા માટે ના પાડે છે ?

❖ નીચેના શબ્દોના અર્થ લખો : ૨

(૧) ધોમ (૨) ખાંડુ (૩) દુર્ગમ (૪) ધૈર્ય

❖ નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો : ૨

(૧) અજવાળું (૨) પ્રેમ (૩) સ્વાર્થ (૪) સાવધ

❖ નીચેના શબ્દોમાંથી જાતિવાચક સંજ્ઞાઓ અને વ્યકિતવાચક સંજ્ઞાઓ અલગ અલગ તારવો : ૨

ઝાડ, ગાંધીજી, પર્વત, પંખી, હિમાલય, સુરત, ફૂલ

# મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા

## વિષય :ગુજરાતી

## એકમ કસોટી : ૮ બિરબલની યુક્તિ

ધોરણ : ૬ | કુલ ગુણ : ૨૦

- નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૪

  (૧) વહેલી સવારે બાદશાહે ઝરૂખાની નીચે શું જોયું ?

  (૨) રાજય પર કયા રાજાએ ચડાઈ કરી ?

  (૩) નોકરને જવાબ શીખવનાર કોણ હતું ?

  (૪) બુંદેલખંડનો રાજા પરત કેમ ફર્યો ?

  (૫) બેગમે બાદશાહને શા સમાચાર આપ્યા ?

  (૬) બાદશાહને પોતાનો દહાડો બગડશે એવું કેમ લાગ્યું ?

  (૭) અંતે રાજાએ પોતાનો ખોટો વહેમ શું કહીને દૂર કર્યો ?

- નીચેના શબ્દોના અર્થ લખો : ૪

  (૧) કોયડો (૨) ઝરૂખો (૩) વહેમનું ઓસડ ન હોવું (૪) વાળું

  (૫) સરપાવ (૬) શિરામણ

- નીચે જણાવ્યા પ્રમાણે જવાબ આપોઃ ૨

  (૧) લાલપીળા થઈ જવું રૂઢિપ્રયોગનો અર્થ આપો.

  (૨) કાળના જેવા મોં વાળું – શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૯. પાદર**

ધોરણ : ૬ | કુલ ગુણ : ૨૦

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૪

(૧) પાદર પાઠના લેખક કોણ છે ?

(૨) ગોંદરે ઢોરને પાણી પીવા બનાવેલા કુંડને શું કહે છે ?

(૩) ગામનો જીવતો જાગતો ચોપડો લેખક કોને કહે છે ?

(૪) લેખક ના છૂટકે ખેતરમાં શું લઈને જતા હતા ?

(૫) ગામના ગોંદરે શું શું આવેલું છે ?

(૬) સાહેબને આવતા જોઈ છોકરાં શું કરતાં ?

(૭) ગામના પાદરમાં આવેલા પરિવર્તનથી લેખક શી લાગણી અનુભવે છે ?

❖ નીચેના શબ્દોના અર્થ લખો : ૨

(૧) ગોંદરુ (૨) લડધો (૩) વનેર (૪) કાળોતરો

❖ નીચે આપેલ રૂઢિપ્રયોગના અર્થ આપો : ૩

(૧) મેળો જામવો

(૨) મૂછ મરડવી

(૩) પોરો ખાવો

❖ નીચેના માંથી ભાવવાચક સંજ્ઞાઓ અલગ તારવો : ૧

ખટાશ, હિમાલય, ઊંઘ, નદી, દુઃખ, વલ્લભભાઈ